# ચુંદડીવાળા માતાજીના આશ્રમ પર ગુરુપૂર્ણિમા પર્વ ધામધુમથી ઉજવાયો

અંબાજી

શકિત, ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને દેશનું લોકપ્રીય શક્તિપીઠ તરીકે જાણીતું છે. આજે ગુરુપૂર્ણિમા પર્વ નિમિતે અંબાજી ધામમા આવેલા વિવિધ મંદિરોમા ગુરુને મળવા અને ગુરુના આશીર્વાદ લેવા ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો. ત્યારે અંબાજીથી ૩ કીમી દુર આવેલા ગબ્બર પાસે પહાડોમા રહેતા ચુંદડીવાળા માતાજીના આશ્રમમા ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આજે



વહેલી સવારથીજ ભક્તોની ભારે ભીડ આ આશ્રમમા જોવા મળી હતી. લોકો ચુંદડી વાળા માતાજીની જય. ગુરુ પૂર્ણિમા કી જયના નારા લગાવી માતાજીના દર્શન કરવા આવ્યા હતા. અહીં વહેલી સવારથી જ નવચંડી યજ્ઞ પણ કરવામા આવ્યો હતો. ત્યારબાદ બપોરે હવનમા નારિયળ હોમ્યા બાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આજે અંબાજીમા આવેલા વાલ્મીકી આશ્રમ, હૈડાખંડી આશ્રમમા, ચામુંડા મંદિર, ખોડી વડલી આશ્રમ, ગણેશ આશ્રમ, ગોપાલદાસ જી મહારાજ, ગબ્બર કાળભૈરવ મંદિર અને નવદુર્ગા મંદિરના આશ્રમ સહીત ગુરુ ધુણી મંદિર પર ગુરુપૂર્ણિમા પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આજે આખા અંબાજી ધામમા ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. અંબાજી મંદિર મા પણ આજે સાંજે ચંદ્ર ગ્રહણ હોવાથી ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. અંબાજી મંદિર પણ સાંજના ૪:૩૦ બાદ મંદિર બંધ થયું હતુ જે બુધવારે સવારે ૯ વાગે ખુલશે. આ સાથે ચુંદડીવાળા માતાજીના આશ્રમમા ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સાથે આજે લાખો ભક્તો પોતાના ગુરુના આશીર્વાદ લેવા આવી પહોંચ્યા હતા. આમ આજે શક્તિપીઠ અંબાજીમા ભારે ધામધૂમથી ગુરુપૂર્ણિમા પર્વ ઉજવાયો હતો.

# શક્તિપીઠ અંબાજી મંદિરના કપાટ ચંદ્ર ગ્રહણને પગલે બંધ કરવામાં આવ્યા

અંબાજી

શક્તિ પીઠ અંબાજી ગુજરાત નું લોકપ્રિય શક્તિપીઠ છે આ ધામ અરાવલીના પહાડોમા ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું



જગત જનની માં-અંબાનું પ્રસિદ્ધ શક્તિપીઠ છે. આજે ચંદ્ર ગ્રહણ હોઈ જગ વિખ્યાત શક્તિપીઠ અંબાજી મંદિર બપોરે ૪:૩૦ વાગે બંધ કરવામાં આવ્યું અને આ મંદિરના દ્વાર આવતીકાલે સવારે ૯ વાગે ખોલવામાં આવશે.

આજે ચંદ્ર ગ્રહણ હોઈ દેશના મોટા મોટા મંદિરો પર ચંદ્ર ગ્રહણની અસર જોવાતા પ્રાચીન પરંપરાને લઈ આ ગ્રહણની છાંયા ભગવાન ઉપર ન આવે તે માટે પ્રભુ સમક્ષ ડાબ મૂકી ભગવાનના મંદિર દ્વાર બંધ કરવામાં આવ્યા છે અને જ્યારે ચંદ્ર ગ્રહણ પૂર્ણ થાય ત્યારબાદ સવારે આ મંદિર શાસ્ત્રોક્ત વિધિ કરાયા બાદ મંદિર ધોઈ ફરીથી અંબાજી મંદિરના કપાટ સવારે ૯ વાગે ખોલવામાં આવશે.

# વડગામ તાલુકાના ફતેગઢમાં રહેણાંક વિસ્તાર નજીક મુરઘા ફાર્મ ધમધમી રહ્યા છે

## ગામના અરજદાર દ્વારા આરોગ્ય તંત્ર સામે કરાઇ રજૂઆત

વડગામ, તા. ૧૬

વડગામ તાલુકાના ફતેગઢ ગામમાં રહેણાંક વિસ્તાર નજીક જ મુરઘા ફાર્મ ધમધમી રહ્યા હોવાની લેખિત ફરિયાદ ગામના જ એક અરજદાર દ્વારા કરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય અધિકારી સમક્ષ જાહેર હિતની અરજી કરવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના ચોંકાવનારા આક્ષેપ કરવામાં આવ્યા છે જેમાં જણાવાયુ છે કે નિયમ વિરુદ્ધ અને રહેણાંક વિસ્તારથી એક કિલોમીટરની અંદરના વિસ્તારમાં આવેલા તમામ મુરઘા ફાર્મ ગેરકાયદેસર ધમધમી રહ્યા છે જે બંધ કરવામાં આવે અરજદાર દ્વારા ગંભીર આક્ષેપ કરીને જણાવ્યું છે કે ચોમાસા દરમિયાન મુરઘાફાર્મમાંથી ખુબજ ખરાબ દુર્ગંધ આવતી હોય છે જેના કારણે લોકોમાં રોગચાળો ફાટી નિકળવાનો ભય સતાવી રહ્યો છે અને મચ્છરોનો ઉપદ્રવ વધી જતો હોય છે જેના કારણે લોકોને રહેવું પણ મુશ્કેલ બની જાય છે જ્યારે આ ફાર્મ બનાવવામાં આવે છે ત્યારે પંચાયત તથા આરોગ્ય વિભાગની



જરૂરી પરવાનગીઓ લેવાની હોય છે તો આ મુરઘાફાર્મના માલિકો દ્વારા આ પરવાનગીઓ લેખિતમાં લીધેલી છે કે કેમ ? તે બાબતે પણ તપાસ હાથ ધરાય. સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા આવા તમામ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરીને રહેણાંક વિસ્તાર નજીક આવેલા મુરઘાફાર્મને તાત્કાલિક સીલ કરીને કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવે તેવી રજૂઆત અરજદાર દ્વારા જણાવાયું છે. આરોગ્ય તંત્ર સામે રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી બનાસકાંઠા આરોગ્ય તંત્ર દ્વારા ઘોર ઉપેક્ષા કરાઈ રહી હોવાના આક્ષેપ અરજદાર દ્વારા કરાયા છે ત્યારે કલેકટર દ્વારા આ બાબતે તપાસ કરાવીને કસુરવારો અને બે જવાબદાર કર્મિઓ સામે પગલાં ભરે તેવી અપેક્ષા ઓ સેવાઈ રહી છે.

# કુંભાસણ ગામની પરિણીતાને દહેજ મામલે ત્રાસ આપતા સાસરિયાઓ સામે ફરિયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામની એક નિઃસંતાન પરણીતાને પિયરમાંથી રૂ. ચાર લાખના દહેજ મામલે મહેણા ટોણા મારીને સાસરિયાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા પરણીતાએ તેના સાસરીયાઓ વિરુદ્ધ ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના મડાણા ગામની ૨૩ વર્ષીય યુવતી હીનાબેન જેઠાભાઇ ફોસીના લગ્ન ત્રણેક વર્ષ અગાઉ કુંભાસણ ગામના મનીષભાઈ ભીખાભાઈ ચંદ્રમણીયા સાથે થયા હતા. બાદમાં આ પરણીતા નિઃસંતાન હોઈ તેના સાસરિયાઓએ લગ્નમાં કઈ દહેજ લાવી ના હોઈ પિયરમાંથી રૂ. ચાર લાખનું દહેજ લાવવા માટે મહેણાંટોણા મારી માથાકૂટ કરીને

**નિઃસંતાન પરિણીતાને સાસરિયાઓ દ્વારા મહેણા ટાણા બોલી માથાકૂટ કરાતી હોવાની રાવ**

ત્રાસ આપવામાં આવતો હતો.

દરમિયાન, ગત તા.૨૭-૧૨-૧૮ના રોજ પરણીતાને ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. જે મામલે પરણીતાએ તેના સાસરિયાઓ મનીષભાઈ ભીખાભાઈ ચંદ્રમણીયા, ભીખાભાઈ મગનભાઈ ચંદ્રમણીયા, ભીખીબેન ભીખાભાઈ ચંદ્રમણીયા ત્રણેય રહે. કુંભાસણ, મંજુબેન અમરતભાઈ ઢેઢુ અને અમરતભાઈ સોમાભાઈ ઢેઢુ રહે. કુંભલમેર વાળા વિરૂદ્ધ ગઢ પોલીસ મથકે દહેજ મામલે શારીરિક અને માનસિક ત્રાસ આપવા મામલે દહેજધારાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા ગઢ પોલીસે મહિલાની ફરીયાદના આધારે બનાવની સઘન તપાસ હાથ ધરી છે.



પાટનગર યોજના ભવનના ડીવિઝન -૩ ના કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા એલ કે વાઘેલા વયનિવૃત થતા પથિકાશ્રમ ખાતે તેમનો વિદાય સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીઓ અને મિત્રવર્તુળે તેમની સેવાને બિરદાવી હતી. હાલ એલ કે વાઘેલા રાજપુત સમાજના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે.

# મોડાસાના મરડીયા નજીક ત્રણ એક્ટિવા સાથે ૩ બુટલેગરોને દેશી દારૂની ખેપ મારતા ઝડપ્યા

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. મોડાસા તાલુકાના છારાનગર (જીવણપુર)માં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો છે. દરરોજ લાખ્ખો-હજ્જારો લીટર દેશી દારૂ અરવલ્લી-સાબરકાંઠા અને અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં વિવિધ નાના-મોટા વાહનો મારફતે દેશી દારૂ ઠાલવવાનું સુનિયોજીત રેકેટ ચાલી રહ્યું છે. મોડાસા રૂરલ પોલીસે મરડીયા બસ સ્ટેન્ડ નજીકથી બાતમીના આધારે ત્રણ એક્ટિવા સાથે છારાનગરના ત્રણ બુટલેગરોને ૭૯૦૦ રૂપિયાના દેશી દારૂ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના નવનિયુકત પીએસઆઈ કે.એસ. સિસોદિયાએ તેમની ટીમ સાથે મોડાસા-શામળાજી રોડ પર મરડીયા પાટિયા નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા



બાતમીના આધારે ત્રણ એકટીવા મોપેડ પર દેશી દારૂની ખેપ મારતા રાજુ મોહનભાઈ છારા, રમેશ અંબારામ છારા, સજ્જુ રણજીતભાઈ છારા (ત્રણે રહે, છારાનગર, તા- મોડાસા)ને અટકાવી ત્રણે એકટિવાની ડેકીમાં પ્લાસ્ટિકની કોથળીઓમાં સંતાડીને રાખેલો કુલ દેશી દારૂ ૩૯૫ લીટર કીં. રૂ.૭૯૦૦ તથા ત્રણ એકટિવાની કીં. રૂ.૬૫૦૦૦ મળી કુલ રૂ. ૭૨૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વરમોરા દલિત યુવક હત્યા કેસ મામલે ધાણધાર તુરી-બારોટ યુવા સંગઠન દ્વારા કલેકટરને પાઠવાયું આવેદનપત્ર

માંડલ તાલુકાના વરમોરા ગામ માં દલિત યુવકની કરપીણ હત્યાના દલિત સમુદાયમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે પાલનપુર ખાતે ધાણધાર તુરી બારોટ યુવા સંગઠન બનાસકાંઠા દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી કસુરવારોને નશ્યત કરવાની માંગ કરાઈ હતી. રાજ્યભરમાં દલિત સમાજ પર અત્યાચારના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે માંડલ તાલુકાના વરમોરા ગામે એક દલિત યુવકની કરપીણ હત્યા ને પગલે દલિત સમાજ સમસમી ઉઠ્યો છે. ધાણધાર તુરી બારોટ યુવા સંગઠને પણ તુરી સમાજના આ યુવકની હત્યાને વખોડી કાઢી હતી. ધાણધાર તુરી બારોટ યુવા સંગઠન, બનાસકાંઠા એ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.



**ગુરૂપુર્ણીમા મહોત્સવની ધામધુમપૂર્વક ઉજવણી**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ગુરૂપુર્ણીમાના પાવન પર્વની ધામ-ધુમ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી યોજાઈ હતી. દેવાલયો, આશ્રમો, સમાધી મંદિરોમાં વહેલી સવારથી ભક્તો, શિષ્યો, મુમુક્ષુઓ શીશ ઝુકાવવા ઉમટ્યા હતા. ભાવિક ભક્તોએ ગુરૂજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. ધોલવાણીમાં સંત શીરોમણી રામજીબાપાના આશીર્વાદ મેળવવા હજ્જારો ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.પરમ પુજ્ય રામજીબાપાના આશીર્વાદ મેળવી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.ઝુમસર છાપરામાં નિલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં સંત શિરોમણી રઘુવીરદાસ મહારાજનું પુજન કરી ભક્તોએ આશીર્વાદ મેળવ્યા હતા. ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામમાં સદ્દગરૂ શ્રીમદ્ જેસીંગબાપા સ્મૃતિ મંદિરમાં પરમ પુજ્ય સંત શિરોમણી શ્રીમદ્ જેસીંગબાપા સમાધી મંદિરમાં ભક્તો, મુમુક્ષુઓ વહેલી સવારથી દર્શનાર્થે ઉમટ્યા હતા.મહાપ્રસાદીનો ભક્તોએ અનેરો લાભ લીધો હતો. ગુરૂ પુર્ણીમાના પાવન પર્વની ભવ્યાતીભવ્ય ઉજવણી ઠેર-ઠેર યોજાઈ હતી. ઈડર દત્ત સિધ્ધ પીઠ મસાલ ખાતે સ્વામીજી અનંતતીર્થજીના આશ્રમમાં ગુરૂપુર્ણિમાનો કાર્યક્રમ યોજાયો હતો.અખંડ ધુનનું આયોજન કરાયું હતું. મુંબઈ, અમદાવાદ, હિંમતનગર, કલ્યાણ, ઈડર સહિત દુર-દુરથી ભાવિક ભક્તો ગુરૂપુર્ણિમા નિમિત્તે દર્શનાર્થે ઉમટ્યા હતા.

## રમતોના ક્ષેત્રમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિના મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યુ છે કે, ગુજરાતના યુવા ધનને ખેલ મહાકુંભ અને ખેલો ઈન્ડિયાના માધ્યમથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પહોચવાની તક મળી છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગની ૫૭૯.૨૬ કરોડને માંગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપતો મંત્રીએ જણાવ્યુ કે, રમતગમતને પ્રોત્સાહન આપવાની રાજય સરકારની નીતીને લઈ છેલ્લા ૨ વર્ષમાં રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધાઓમાં રાજયના ખેલાડીઓએ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ૧૫૦ ગોલ્ડ, ૨૬૩ સિલ્વર અને ૪૯૦ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૯૦૩ મેડલ મેળવેલ છે. જ્યારે આંતરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ૭૩ ખેલાડીઓએ ૬૫ ગોલ્ડ, ૩૪ સિલ્વર અને ૧૭ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૧૧૬ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ડાંગની દીકરી સરિતા ગાયકવાડ, મુરલી ગાંવિત, હરમિત દેસાઈ, માનવ ઠક્કર, અંકિતા રૈના, એલાવેનીલ, કુ.તસ્નીમ મીર, આર્યન નહેરા, ધ્વજ હરીઆ, કુ. વૈદેહી ચૌધરી જેવી અનેક પ્રતિભાઓએ ન માત્ર ગુજરાત પરંતુ સમગ્ર દેશને વૈશ્વિક સ્તરે ગૌરવ પ્રદાન કર્યુ છે. મંત્રીએ જણાવ્યુ કે, તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટીને પરિણામે રાજયમાં ૨૦૧૦થી નિયમિત રીતે દરવર્ષે ખેલ મહાકુંભનું આયોજનના પરિણામે પ્રતિ વર્ષ ખેલમહાકુંભમાં ભાગ લેનારાઓની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે.

## ૨૧ ફરિયાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં સે-૨૧ની માઉન્ટ કાર્મેલ શાળા, હીલવુડ સ્કુલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, દિલ્હી પબ્લીક સ્કુલ અને કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલનો સમાવેશ થાય છે. આ શાળાઓ સામે કુલ ૨૧ ફરિયાદો શિક્ષણ વિભાગને મળી છે. જયારે આ ફરિયાદો સંદર્ભે હાથ ધરવામાં આવેલ કાર્યવાહી અને તપાસ દરમિયાન કાર્મેલ શાળાની એફ આર સી દ્વારા પ્રોવિઝનલ ફી રૂ ૨૮૫૦૦ નક્કી કરવામાં આવી હતી જયારે વાલીઓની ફરિયાદના અંતે રૂ ૨૦,૪૭૫ ફી વસુલવા આદેશ કર્યો છે. આ ઉપરાંત ગાંધીનગરની હીલવુડ સ્કુલ સામે ૩ ફરિયાદો મળી છે. જે અન્વયે શાળાએ લીધેલ એડમિશન , ડોનેશન પેટે રૂ ૩૨,૫૦૦ થી ૩૫ હજાર લીધા હોવાની વાલીએ ફરિયાદ કરી હતી. જે સંદર્ભે શાળાને અને વાલીઓને સુનવણીમાં પણ બોલાવાયા હતા. એફ આર સી એ શાળાને ટયુશન ફીમાં સરભર કરવા આદેશ કર્યો છે. જયારે પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ સામે કુલ ૬ ફરિયાદો વાલી તરફથી મળી હતી જેમાં એફ આર સી એકટ ૨૦૧૭ની કલમ -૧૪ અને ૧૪ બી થી શાળાને નોટીસ આપવામાં આવી હતી. આ દરમિયાન સુનાવણી દરમિયાન એફ આર સીના આદેશ મુજબ ફી લેવા માટે શાળાએ સંમત્તિ પણ આપી છે. જયારે ગાંધીનગરની દિલ્હી પબ્લીક સ્કુલ સામે ઉંચી ફી વસુલવા અંગે ૯ ફરિયાદો મળી હતી. વધુ ફી ઉઘરવવા સંદર્ભે ફરિયાદ બાબતે ૨૪ જુન ૨૦૧૯ ના રોજ સુનાવણી રાખી હતી જેમાં શાળા કક્ષાએથી વધુ વિગતો મંગાવવામાં આવી છે. જયારે કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ ગાંધીનગર સામે પણ એક ફરિયાદ ઉઠવા પામી હતી. જેમાં ફરિયાદમાં લખેલી ફી રીવિઝન કમિટી દ્વારા મંજુર કરવામાં આવી હોવાથી શાળા દ્વારા લેવામાં આવતી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેથી આ શાળા સામે રજુ થયેલી ફરિયાદમાં તથ્ય જણાંયુ નથી.

## વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**વિજ્ઞાન પ્રવાહ અને આટર્સ કોમર્સની ૨૭ કોલેજો એક પણ નવી કોલેજોને મંજુરી નહીં**

ગાંધીનગર જિલ્લામાં આર્ટસ ,કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહની કુલ ૨૭ કોલેજો છે. જેમાં ૨ આર્ટસ, ૬ કોમર્સ, ૧૨ સાયન્સ, ૪ આટર્સ અને કોમર્સ ૨ સાયન્સ અને કોમર્સ તેમજ ૧ આર્ટસ અને સાયન્સ કોલેજનો સમાવેશ થાય છે. જયારે આ પૈકી ૩ સરકારી કોલેજો, ૮ ગ્રાન્ટેડ કોલેજ અને ૧૬ ખાનગી કોલેજનો સમાવેશ થાય છે. જયારે છેલ્લા બે વર્ષ દરમિયાન એક પણ નવી સરકારી , ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોને મંજુરી આપવામાં આવી નથી. જયારે તાલુકા અને જિલ્લા ખાતે સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોની વ્યવસ્થા છે માટે ખાનગીકરણ કરવાનો પ્રશ્ન નથી તેમ પણ પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ છે.

# હિંમતનગર માર્કેટયાર્ડમાં સીસી રોડનું કામ શરૂ કરાતા વેપારીઓ ખુશ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના જુના માર્કેટયાર્ડમાં છેલ્લા કેટલાક સમયથી વેપારીઓ અને ખેતપેદાશો વેચવા આવતા ખેડૂતોને અવરજવર કરવામાં ખુબજ મુશ્કેલી પડતી હતી. જેને લઈને જુના માર્કેટયાર્ડના વેપારીઓએ થોડા સમય અગાઉ હિંમતનગર નગરપાલિકાના સુકાનીઓને કરેલી રજુઆત બાદ તાજેતરમાં જુના માર્કેટયાર્ડનો ઉબડખાબડ રોડ નવો બનાવવામાં આવતા વેપારીઓએ પાલિકાના સુકાનીઓની આ કામગીરીને બિરદાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના સંઘ ફાટકથી જુની જિલ્લા પંચાયત નજીકથી જતા જુના માર્કેટયાર્ડનો રોડ ઘણા સમયથી વાહનોની વધુ પડતી અવરજવરને કારણે તે ખુબ જ ઉબડખાબડ બની ગયો હતો. જેને લઈને રોજબરોજ અહીંથી પસાર થતા ભારે વાહનો તથા ખરીદી કરવા માટે આવતા ખેડૂતો તથા અન્ય ગ્રાહકોને ખુબજ મુશ્કેલી પડતી હતી. જેથી વેપારીઓના ધંધામાં પણ બરકત આવતી ન હતી. ખરાબ રસ્તાને લઈને ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ રહેતા માંખી-મચ્છરોનો ભારે ઉપદ્રવ થતો હતો. તથા આ વરસાદી પાણીમાં કચરો મિશ્રીત થતા બદબુ આવતી હતી. જેને લઈને લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો હતો.

જે અંગે આ વિસ્તારના વેપારીઓએ નવો સી.સી. રોડ બનાવવા માટે નગરપાકિના પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયા, ચીફ ઓફીસર અલ્પેશભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ અમૃતભાઈ પુરોહીત, બાંધકામ સમિતિના ચેરમેન વિમલ ઉપાધ્યાય, વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નટુભાઈ ઓઝાની આગેવાની હેઠળ રજુઆત કરવામાં આવી હતી. જેના પરીણામ સ્વરૂપે તાજેતરમાં જુના માર્કેટયાર્ડનો ઉબડખાબડ રોડને સમારકામ કરી નવો બનાવવામાં આવ્યો છે. જેને લઈને આ વિસ્તારના વેપારીઓએ નાગરીક બેંકના ડિરેક્ટર દિનેશભાઈ મહેતા સહીત પાલિકાના સુકાનીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

## શાળાને મંજુરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૩૨ ખાનગી પ્રા. શાળાઓ છે. સરકારે એવુ પણ જણાવ્યુ છે કે પ્રાથમિક શાળાઓનું ખાનગીકરણ અટકે તે માટે ખાનગી પ્રા. શાળાઓની મંજરી માટે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૯ના નિયમ-૧૦૬માં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાનગી પ્રાથમિક શાળાઓ ઊંચી ફી ન ઉઘરાવે તે માટે ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ અમલમાં લાવવામાં આવેલ છે.

## એરસ્પેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૪૦ જવાનોના મોત થયા હતા. ત્યારબાદ ભારતે આજ મહિનામાં અંતમાં પાકિસ્તાનમાં હવાઈ હુમલા કર્યા હતા જેના લીધે બંને દેશોના વચ્ચેના સંબંધો વણસી ગયા હતા. ભારતે પાકિસ્તાનના બાલાકોટમાં ઘુસીને હવાઈ હુમલા કર્યા હતા. ત્યારબાદ પાકિસ્તાને એરસ્પેસને બંધ કરી દીધી હતી. એરસ્પેસ બંધ થવાના કારણે પાકિસ્તાનને નુકસાન થઈ રહ્યું હતું. ફેબ્રુઆરી મહિના બાદથી જૂન મહિનાના અંત સુધી આશરે ૪૦૦ ફલાઈટો ઉપર પાકિસ્તાન એરસ્પેસ બંધ થવાની અસર થઈ હતી. પાકિસ્તાને એરસ્પેસ બંધ થવાના કારણે ઉડ્ડયન કંપનીઓએ ઓપરેશન ખર્ચમાં વધારો કર્યો હતો. પુલવામામાં સીઆરપીએફ કેમ્પ પર હુમલા બાદ બાલાકોટમાં ભારતીય યુદ્ધવિમાનોએ જૈશના ત્રાસવાદી અડ્ડા ઉપર હુમલા કર્યા હતા. આ હુમલા બાદ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે પાકિસ્તાને પોતાના એરસ્પેસને બંધ રાખવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાનના એરસ્પેસ બંધ થવાના કારણે ભારતીય વિમાન કંપનીઓને જૂનના અંત સુધી આશરે ૫૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. સૌથી વધારે નુકસાન ૪૯૧ કરોડનું એર ઈન્ડિયાને થયું હતું.

## ધરાશયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહી છે. ઘટનાસ્થળ પર એનડીઆરએફની ટીમ પણ પહોંચી ગઈ છે. આ ઈમારતની નીચે દુકાનો હતી. જયારે ઉપરના માળમાંલોકો રહેતા હતા. હાલમાં ઓછામાં ઓછા ૧૫ પરિવારના લોકો આમાં રહેતા હતા. ઈમારતના કેટલાક ભાગ જર્જર હતા. આ ઈમારત કોઈ પણ સમય પડી જશે તેવી દહેશત તો પહેલાથી જ રહેલી હતી. કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. ઈમારત ધરાશાયી થવાનો અવાજ દુર સુધી સંભળાયો હતો. પોલીસ અને વહીવટીતંત્રના લોકો પણ તરત જ ઘટનાસ્થળ પર પહોંચીગયા છે. મુંબઈમાં હાલમાં રેકોર્ડ વરસાદ થયો હતો. ચારેબાજુ જળબંબાકારની સ્થિતી રહી હતી. જુના મકાનો અને સોસાયટીમાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. સ્થાનિક લોકોએ કહ્યું છે કે, ડોંગરી વિસ્તારમાં કેસરબાઈ નામની આ ચાર માળની ઈમારત ૧૦૦ વર્ષ જુની છે.

આજે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ એકાએક આ ઈમારત ધરાશાયી થઈ હતી જેથી લોકો ફસાઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું છે. પીએમઓએ ટ્વીટ કરીને કહ્યું છે કે, મુંબઈના ડોંગરી વિસ્તારમાં ઈમારત ધરાશાયી ઘટના પીડાદાયક છે. મહારાષ્ટ્રના આવાસમંત્રી વિખે પાટીલે કહ્યું છે કે, ૧૨ લોકોના મોત થઈ ચુક્યા છે. એનડીઆરએફ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની મદદથી રાહત કામગીરી ચાલી રહી છે પરંતુ વિસ્તારમાં જગ્યા નહીં હોવાથી તકલીફ થઈ રહી છે. બનાવથી અસરગ્રસ્ત લોકોને બીએમસીએ ઈમામબાળા મ્યુનિસિપલ સેકન્ડરી સ્કુલમાં રાખવામાં આવ્યા છે. લોકોને ત્યાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જે વિસ્તારમાં ઈમારત ધરાશાયી થઈ ત્યાં આસપાસની ઈમારતોને પણ ખાલી કરાવી લેવામાં આવી છે. મૃત્યુ પામનાર લોકોમાં એક બિલ્ડિંગના માલિક અબ્દુલ સત્તાર કલ્લુશેખ પણ સામેલ છે. આ ઉપરાંત મૃતકો પૈકી કેટલાકની ઓળખ થઈ ચુકી છે જેમાં શાબિયા નિશાર શેખ, અબ્દુલ સત્તાર કાલુ શેખ, મુઝામિલ મન્સુર સલમાની અને શાયરા રેહાન શેખનો સમાવેશ થાય છે.

## મોદી ખફા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદોને કહ્યું હતું કે, પોતાના ક્ષેત્રો માટે ઈનોવેટિવ રીતે વિચારવાની જરૂર છે. સાંસદોને સામાજિક કાર્યો સાથે જોડાઈ જવા માટે કહ્યું હતું. મોદીએ પશુપાલન ઉપર ચર્ચા કરતા સાંસદોને પશુઓ સાથે સંબંધિત બિમારીઓનો ઉકેલ શોધી કાઢવા માટે પણ કહ્યું હતું. મોદીએ ૧૧૫ પછાત જિલ્લાઓમાં અને ખાસરીતે સાંસદોને કામ કરવાની જરૂરિયાત દર્શાવી હતી. મોદીએ ફરજ ઉપર આવવાને લઈને સાંસદોની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે જે મંત્રી રોસ્ટર ડ્યુટીમાં જઈ રહ્યા નથી તે લોકોની યાદી પણ સોંપવામાં આવે તે જરૂરી છે. રાજ્યસભા અને લોકસભામાં મંત્રીઓની બે-બે કલાકની ડ્યુટી લાગે છે.

## કર્ણાટક કટોકટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં સુધી સ્પીકર પોતાનો ચુકાદો આપતા નથી ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ પણ તેમાં દરમિયાનગીરી કરી શકે તેમ નથી. આવી જ દલીલ મુખ્યમંત્રી કુમારસ્વામી તરફથી પણ રાજીવ ધવન દ્વારા કરવામાં આવી હતી. કર્ણાટકમાં રાજકીય સંગ્રામ અને ગુરુવારના દિવસે થનાર બહુમત પરીક્ષણ પહેલા સુપ્રીમ કોર્ટમાં કાયદાકીય દાંવપેચનો દોર જારી રહ્યો છે. આજે કોર્ટમાં અસંતુષ્ટ ધારાસભ્યોની અરજી ઉપર સુનાવણી પૂર્ણ કરવામાં આવી હતી. અસંતુષ્ટ ધારાસભ્યોએ પોતાની દલીલો રજૂ કરતા કહ્યું હતું કે, સ્પીકરની ભૂમિકા શંકાસ્પદ દેખાઈ રહી છે. અસંતુષ્ટોએ કહ્યું હતું કે, તેઓ રાજીનામા આપી ચુકયા છે પરંતુ સ્પીકર જાણી જોઈને રાજીનામા સ્વીકારી રહ્યા નથી. બીજી બાજુ સ્પીકર રમેશકુમારે કોર્ટને કહ્યું હતું કે તેઓ આવતીકાલ સુધી અસંતુષ્ટ ધારાસભ્યોની યોગ્યતા અને રાજીનામાના સંદર્ભમાં નિર્ણય લઈ લેશે. અસંતુષ્ટ ધારાસભ્યો તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, અધ્યક્ષે તેમને અયોગ્ય જાહેર કરવાના ઈરાદા સાથે તેમના રાજીનામા પેન્ડિંગ રાખ્યા છે. અયોગ્યતાથી બચવા માટે રાજીનામુ આપી દેવામાં કોઈ ખોટુ કામ કર્યુ નથી. અસંતુષ્ટો તરફથી મુકુલ રોહતાગીએ દરમિયાનગીરી કરી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ દીપક ગુપ્તા અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝની બેંચે સ્પીકર તરફથી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ રજૂઆત કરી હતી.